# ગોએન્કા હોસ્પિટલ અંતરીયાળ ગામોમાં તબીબી સેવા પુરી પાડે છે: અપૂર્વ ગોએન્કા

ગાંધીનગર,તા.૨૭

બીઈએસ તરીકે જાણીતી ભોલારામ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના ૨૦૦૩માં કરવામાં આવી હતી, જેમાં સામાન્ય લોકોને પોષાય તેવી કિંમતે સારવાર આપવાનો હેતુ છે. તેણે તેની મલ્ટી સ્પેશ્યાલીટી ગોએન્કા હોસ્પિટલના ઉદ્‌ઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ હોસ્પિટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લોકોને તબીબી સુવિધાઓ પૂરી પાડશે.

## ગાંધીનગરમાં પ્રથમ ૧૦૦ બેડવાળી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનો આરંભ

૧૦૦ પથારીની અલ્ટ્રા મોડર્ન હોસ્પિટલમાં 'હિલિંગ લાઈવ્ઝ' સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે. આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર, ૨ડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝડ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમકે ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે.

ગોએન્કા હોસ્પિટલના અધ્યક્ષ અપૂર્વ ગોએન્કાએ જણાવ્યું હતું કે, ''ગોએન્કા હોસ્પિટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દૂરના ગામોમાં તબીબી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. મેડીકલ કેમ્પોમાં હોસ્પિટલના ડોક્ટરો દ્વારા મફત દવાઓ પણ ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવે છે. આ હોસ્પિટલ એક એવી હોસ્પિટલ છે કે જેમાં લોહીના સ્ટોરેજની સુવિધા પણ છે, જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.' જ્યારે ગોએન્કા હોસ્પિટલના ડીએમએસ ડૉ. દિવ્યેશ ગુમાએ જણાવ્યું હતું કે, આ હોસ્પિટલ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ છે. અને તેમાં કોઈપણ સર્જરી અમદાવાદની હોસ્પિટલો કરતાં ઓછા દરે થઈ શકે છે.

આ હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક મેડિકલ આઈસીયુ ૯ પથારી સાથે છે અને અન્ય એક સર્જીકલ આઈસીયુ છે જેમાં ૮ પથારી છે. આ બંને આઈસીયુમાં અત્યાધુનિક ઉપકરણો મૂકવામાં આવેલા છે જ્યારે ઓપરેશન થિયેટરમાં લેમીનાર એર ફ્લો ૫ પેરા મોનીટરની સુવિધા સાથે સજ્જ છે અને તેમાં તમામ મેજર સર્જરી થઈ શકે છે.

ગોએન્કા હોસ્પિટલના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર એન. કુમારસ્વામીએ કહ્યું હતું કે, 'અમારૂ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝ્યુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. જેમાં ટેલીમેડિસીનની સુવિધા પણ છે.

ગોએન્કા હોસ્પિટલ દ્રઢપણે 'સેવ ધ ગર્લ ચાઈલ્ડ' કાર્યક્રમને અનુલક્ષી સેમિનાર યોજે છે. તેમાં ગામોમાં રહેતા વૃદ્ધ લોકોની સાથે વાતચીત કરી તેમને દીકરીની મહત્તા સમજાવીએ છીએ તથા ભ્રુણ હત્યાનો દર અટકાવવા માગીએ છીએ.